
## હરિની દૃષ્ટિ...

- હરિન ભટ્ટ




લગ્નમાં સોથી વધુ અને નવરાત્રીમાં બસોથી વધુ માણસો ભેગા થાય તો જ એટેક કરવાનો... આ જો કાયદો કર્યો છે આ લોકોએ...





કોરોનાનો ડર હજુ ઓછો થયો નથી. લોકો કામ વગર ઘરની બહાર નીકળતા ડરે છે. રવિવારની રજા હોવા છતાં રસ્તા પર વાહનોની અવરજવર નહીવત જોવા મળે છે. રસ્તાઓ સુમસામ જોવા મળી રહ્યા છે.

## ખૂણેખાંચરેથી

- દિલ્હીમાં આકાર પામેલ નવા ગરવી ગુજરાતભવન અકબર રોડના સ્યુટના ભાડા રાજ્ય સરકાર દ્વારા નિયત કરવામાં આવ્યા છે. આ અંગેના હુકમો પણ જારી કરી દેવાયા છે.
- દાહોદ જિલ્લામાંથી રોજગારી માટે શહેરમાં સ્થળાંતરિત થઈ રહેલા શ્રમજીવીઓને કોવિડ-૧૯ના સંક્રમણથી બચાવવા માટે ખાસ પગલાં રાજ્યના આરોગ્ય મંત્રાલયે તમામ જિલ્લાઓને સુચવી દીધા છે.
- ગાંધીનગરમાં મહાત્મા મંદિર નજીક નિર્માણાધીન ફાઈવસ્ટાર હોટલનું પઝેશન આપવાને લઈ તંત્ર દ્વારા કવાયત હાથ ધરાઈ છે.
- સેન્ટ્રલ વર્જમાં ઉગી નીકળેલા ઘાસમાં મોલોમસી અને મચ્છરોનો ઉપદ્રવ થતાં વાહનચાલકો માટે તે ચિંતાનો વિષય બની ઉભરી રહ્યા છે.
- સ્થાયી સમિતિના ચેરમેન દેવેન્દ્રસિંહ ચાવડા હાલ કોરોનાની સારવાર માટે એપોલો હોસ્પિટલમાં છે તેમને ગુરૂવારે રજા અપાશે તેમ જાણવા મળી રહ્યુ છે.
- પૂર્વ ધારાસભ્ય અને જાણીતા લેખિકા ચંદ્રાબેન શ્રીમાળીનું આજે અવસાન થયુ છે.
- કર્મચારી નેતા અને જાણીતા સામાજિક કાર્યકર દશરથભાઈ પટેલનું આજે અવસાન થયુ છે.



વરસાદ બાદ શહેરના આંતરિક માર્ગોની સુધારણાનું કામ પૂરજોશમાં ચાલી રહ્યું છે. જયાં થાગડથિગડની જરૂર હોય ત્યાં થાગડથિગડ અને જયાં નવા રસ્તા બનાવવાની જરૂર હોય ત્યાં નવા રસ્તા બનાવવામાં આવી રહ્યા છે. સેકટર-૨૧ મસ્જીદની પાસે નવો રસ્તો બનાવવની કામગીરી પૂરજોશમાં ચાલી રહી છે.

# સુરમ્ય બંગ્લોઝમાં દારૂની મહેફીલ માણતા ત્રણ ઝડપાયા

ગાંધીનગર, તા.૧૧

અડાલજ નજીક આવેલા સુરમ્ય બંગ્લોઝમાં શનિવારની રાત્રીના સુમારે દારૂની મહેફીલ માણતી બે મહિલા અને એક પુરુષને પોલીસે ઝડપી પાડ્યા છે. પોલીસે ત્રણેય પાસે દારૂની પરમીટ માંગતા નહી હોવાનું જણાવ્યું હતું. યુવકે દારૂ પીવા માટે પાંચ હજારના ભાડેથી બંગલો લીધો હતો. પોલીસે ત્રણેય ને પકડી પાડી ૩૦ હજારના ૩ મોબાઈલ અને રૂ.૪ લાખની ગાડી મળી કુલ રૂ.૪,૩૦ લાખનો મુદ્દામાલ કબ્જે કરી ત્રણેય સામે પ્રોહી એકટ મુજબ ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

અડાલજ પોલીસ મથકના પીઆઈ ડી.એ.ચૌધરીના માર્ગદર્શન હેઠળ સ્ટાફના જવાનો રાત્રીના સમયે પેટ્રોલીંગમાં હતા. તે સમયે પીએસઆઈ વી.એસ.પરમારને ખાનગી રાહે બાતમી મળી હતી કે સુરમ્યા બંગ્લોઝ નં.એ-૧૬ ખાતે દારૂની મહેફીલ ચાલી રહી છે. જેથી પોલીસ કર્મચારીઓ મુખ્ય ગેટથી પ્રવેશીને બંગલાનો મુખ્ય દરવાજો ખોલતા અંદર સોફા પર બે મહિલા અને એક પુરૂષ નશાની હાલતમાં મળી આવ્યા હતા. પોલીસને જોઈને ચાલી રહેલી મહેફીલમાં રંગમાં ભંગ પડ્યો હતો. પોલીસને સ્થળ પરથી દારૂની ખાલી બોટલ સહિત અન્ય ચીજવસ્તુઓ મળી આવી હતી. પોલીસે દારૂની મહેફીલ માણી રહેલા નામ પુછતા તેઓએ ભાર્ગવ કૌશિકભાઈ સોનારા (ઉં.૩૮, રહે. એફ-૨૦૧, ગાલા સેલેસ્ટીયા, વૈષ્ણોદેવી સર્કલ પાસે), હુઆઈનો માંગલયઅન હાઉ (ઉં.૨૮, હાલ રહે. અર્થથાઈ સ્પા કેમ્સકોર્નર ૨ શોપ નં.૧૧ પ્રહલાદનગર ગાર્ડન પાસે, મુળ રહે. ન્યુ લમાડા રહેઈ રોડ ચુરચાંદપુર,મણીપુર), લુનબોઈ હાંગ જા થોન (ઉં.૩૩, હાલ રહે, ઉપરોકત મુજબ), હોવાનું સામે આવ્યું હતું. પોલીસે રૂ.૩૦ હજારના ત્રણ મોબાઈલ અને આઈ-૨૦ કાર નં. જી.જે.૦૧.એચ.એકસ.-૩૮૦૪ કિં. ૪ લાખ મળી કુલ રૂ. ૪,૩૦,૦૦૦ નો મુદ્દામાલ કબ્જે કરી તમામ સામે પ્રોહીએકટ મુજબ ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે. જયારે પોલીસ સુત્રો દ્વારા મળતી માહિતી મુજબ એમબીએનો અભ્યાસ કરતો યુવક નોકરી કરે છે અને પ્રહલાદનગર ખાતે સ્પામાં કામ કરતી બે યુવતિઓને બોલાવીને દારૂની મહેફીલ માણી હતી. ત્રણેય જણા ભેગા થઈ ને આખી બોટલ ખાલી કરી દીધી હતી.

# ચિલોડા સર્કલ પાસેથી ૧૦ બોટલ દારૂ સાથે યુવક ઝડપાયો

ગાંધીનગર, તા.૧૧

ચિલોડા સર્કલ થી સાદરા જતા માર્ગ પરથી વિદેશી દારૂ સાથે શખ્સ ઝડપાયો છે. પોલીસને યુવક પાસે રહેલા થેલામાંથી દારૂની ૧૦ બોટલ તેમજ મોબાઈલ ફોન મળી આવ્યો હતો. પોલીસે દારુ અને મોબાઈલ મળી કુલ રૂ.૭,૧૯૦ નો મુદ્દામાલ જપ્ત કરી પ્રોહી એકટ મુજબ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

પોલીસ સુત્રો દ્વારા મળતી વિગત મુજબ ચિલોડા પોલીસના જવાનો પેટ્રોલીંગમાં હતા તે સમયે ચિલોડા થી સાદરા જતા માર્ગ પર એક શંકાસ્પદ યુવક નજરે પડ્યો હતો. જેથી પોલીસે તેની પાસે જઈ યુવક પાસે રહેલો થેલો ચેક કરતા તેમાંથી વિવિધ બ્રાન્ડની વિદેશી દારુની ૧૦ બોટલ મળી આવી હતી. પોલીસે યુવકને તેનુ નામ પુછતા તેણે મેહુલ બાબુભાઈ પરમાર ઉં.૩૧ રહે. દશેલા ઈન્દીરાનગર હોવાનું જણાવ્યું હતું. જયારે યુવકને ડાબા હાથે ફ્રેકચર થયુ હોવાનું તેમજ જમણા પગે ઘુંટણ છોલાયાનું નિશાન હતું. જેથી પોલીસે તે અંગે પુછતા યુવકે અઠવાડીયા પહેલા અકસ્માતમાં ઈજા થઈ હોવાનું જણાવ્યું હતું. યુવક પાસેથી વિવિધ બ્રાન્ડની વિદેશી દારૂની ૧૦ બોટલ કિં.૪,૧૯૦ તેમજ એક મોબાઈલ ફોન કિં.૩૦૦૦ મળી કુલ રૂ.૭,૧૯૦ નો મુદ્દામાલ કબ્જે કરી યુવક સામે પ્રોહી એકટ મુજબ ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

# પેથાપુરમાં કાર પાર્કિંગ મુદ્દે માથાકુટ સર્જાઈ

ગાંધીનગર, તા.૧૧

ગાંધીનગર નજીક આવેલા પેથાપુર સ્થિત એક સોસાયટીમાં કાર પાર્કિંગ અંગે માથાકુટ થતા દંપતિને અપશબ્દો બોલી મારમારી જાનથી મારી નાંખવાની ધમકી આપતા શખ્સ સામે મહિલાએ પેથાપુર પોલીસ સ્ટેશને ફરીયાદ નોંધાઈ છે. શનિવારના રોજ રાત્રીના ૮ વાગ્યાના અરસામાં ફરીયાદી મહિલા, તેમના પતિ અને પુત્ર સાથે જમવા માટે બેઠા હતા. આ સમયે સોસાયટીમાં કીર્તીપાલ ઉર્ફે કિર્તીરાજ દશરથસિંહ ચાવડા આવ્યો હતો. ફરીયાદી મહિલાના આક્ષેપ પ્રમાણે તે શખ્સે ગાડીના પાર્કીંગ મુદ્દે માથાકુટ કરી હતી. હાથમાં રહેલો દંડો મહિલાને ફટકાર્યો હતો. મહિલાને વધુ મારમાંથી તેમના પતિએ છોડાવ્યા હતા. ઉશ્કેરાયેલા શખ્સે દંપતિને ઘરની બહાર નીકળવાનું બંધ કરાવી દઈશ અને ઘર વેચીને જતુ રહેવું પડશે કહીને અપશબ્દો બોલતો હતો. હોહા થતા નાગરીકો એકઠા થઈ જતા શખ્સ ત્યાંથી ભાગી ગયો હતો.

# દિવાળી પછી સ્કુલ ફરી શરૂ કરવા પર સરકાર વિચારશે

## કોરોનાની સ્થિતિને ધ્યાનમાં રાખતા દિવાળી વેકેશન પછી રાજ્યમાં સ્કૂલ ફરી શરૂ કરવા પર વિચાર કરવામાં આવશે

ગાંધીનગર, તા. ૧૧

કોરોના વાયરસની મહામારીને ધ્યાનમાં રાખતા હાલ રાજ્યમાં સ્કૂલો બંધ છે. ગુજરાત સરકાર દિવાળીના તહેવાર પછી ફરીવખત શાળા શરૂ કરવા પર વિચાર કરશે. રાજ્ય શિક્ષણ વિભાગના સચિવ વિનોદ રાવે કહ્યું કે હાલ શાળા ખોલવાની તાત્કાલિક કોઈ યોજના નથી. તેમણે કહ્યું કે રાજ્યમાં હાલ સ્કૂલો શરૂ કરવામાં નહીં આવે. કોરોના વાયરસની સ્થિતિને ધ્યાનમાં રાખતા દિવાળીના વેકેશન પછી રાજ્યમાં સ્કૂલો ફરી શરૂ કરવા પર વિચાર કરવામાં આવશે.

તેમણે જણાવ્યું કે હવે શાળા ફરી શરૂ કરવી જોઈએ કે નહીં તે બાબતે તેઓ પેરેન્ટ્સના પ્રતિનિધિ અને સ્કૂલ સંઘના સંપર્કમાં છે. આ વર્ષે તારીખ ૧૪ નવેમ્બરના દિવસે દિવાળીનો તહેવાર છે. કેન્દ્ર સરકારે હાલમાં જે ગાઈડલાઈન બહાર પાડી હતી તે મુજબ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશો તારીખ ૧૫ ઓક્ટોબરથી ફરી સ્કૂલો શરૂ કરી શકે છે.

પણ, તારીખ ૧૫ ઓક્ટોબરથી શાળાઓ ફરી શરૂ કરવાના કેન્દ્રના દિશા-નિર્દેશને ગુજરાતમાં કોરોનાની મહામારીને ધ્યાનમાં રાખતા હાલ લાગુ કરવામાં નહીં આવે. તેમાં પણ ખાસકરીને ૧૦મા ધોરણ સુધીના વિદ્યાર્થીઓ માટે સ્કૂલ ખોલવાની ઉતાવળ કરવામાં નહીં આવે. કદાચ સરકાર અને શાળાઓ ક્લાસ શરૂ કરવા માટે સહમત થઈ જાય પણ માતા-પિતા આ માટેની પરવાનગી આપશે નહીં.

કોરોના વાયરસની મહામારી દરમિયાન જો માતા-પિતા કોઈ પ્રકારની જવાબદારી લેશે નહીં તો શાળાઓ પણ શરૂ નહીં થાય કારણકે શાળાના માથે હજારો વિદ્યાર્થીઓ માટેની વ્યવસ્થાની જવાબદારી હોય છે. કારણકે જો એકપણ વિદ્યાર્થી સંક્રમિત થાય તો તેનાથી અન્ય વિદ્યાર્થીઓ અને તેના પરિવારને ખતરો રહેલો છે. જો ઓક્ટોબરમાં સ્થિતિમાં સુધારો થાય તો નવેમ્બર મહિનાના છેલ્લા ૨ અઠવાડિયામાં દિવાળી પછી શાળાઓ ફરી શરૂ કરવા માટેનો વિચાર કરી શકાય તેમ છે.

સમગ્ર ગુજરાત પેરેન્ટ્સ એસોસિએશનના અધ્યક્ષ નરેશ શાહે જણાવ્યું કે મોટાભાગના માતા-પિતાનું એવું માનવું છે કે ચાલુ શૈક્ષણિક વર્ષમાં શાળા ફરી શરૂ કરવી જોઈએ નહીં. સરકારે હવે વિદ્યાર્થીઓને આગામી ધોરણમાં મોકલવા પર વિચાર કરવો જોઈએ.

# સૌથી વધુ શાસન કરનારા વડાપ્રધાન તરીકે મોદીએ વાજપેયીનો રેકોર્ડ તોડ્યો, હવે મનમોહનસિંહનો વારો

ટાઈમ લાઈન

- ગૌતમ પુરોહિત

ગુજરાતના પનોતા પુત્ર અને ભારતના વડાપ્રધાન નરેન્દ્ર મોદીની રાજકીય સફળતાના બે દાયકા પૂર્ણ થઈ રહ્યાં છે. આટલી લાંબી રાજકીય કારકિર્દી ધરાવતા એક ગુજરાતી રાજકીય નેતાએ ભારતના સિમાડા વટાવીને વિશ્વના દેશોમાં તેમના નામનો ડંકો વગાડ્યો છે. સ્વભાવે કડક પણ અંદરથી મૃદુ એવા નરેન્દ્ર મોદીની વડાપ્રધાનપદે બીજી ટર્મ ચાલી રહી છે. તેમના બોલ્ડ નિર્ણયો આજે પણ લોકો યાદ કરે છે. ગુજરાતમાં નરેન્દ્ર મોદીનું સ્લોગન – સૌનો સાથ સૌનો વિકાસ હતું જ્યારે વડાપ્રધાન બન્યાં ત્યારે તેમનું સ્વપ્ન – હિન્દુસ્તાન થકી વિશ્વના દેશોનો વિકાસ રહ્યું છે. તેમના શાસનનું એક જ કમિટમેન્ટ છે –ઉંચા સપના જોવા અને તેને સમયબદ્ધ પુરાં કરવા... બહું ઓછા લોકોને ખબર છે કે બચપન અને યુવાનીમાં નરેન્દ્ર મોદીને તેમની નજીકના લોકો 'એનડીહ્વ તરીકે બોલાવતા હતા, જે આજે 'નમોહ્વ તરીકે લોકપ્રિય બન્યાં છે.

## ગુજરાતના મુખ્યમંત્રી પદે મોદીએ માધવસિંહ કરતાં બમણું શાસન કર્યું, ૧૨ વર્ષ પદ પર રહ્યાં

**ગુજરાતમાં ૧૨ વર્ષ ૨૨૭ દિવસનું વિક્રમી શાસન...**

ગુજરાતના તત્કાલિન મુખ્યમંત્રી તરીકે નરેન્દ્ર મોદીએ ૭મી ઓક્ટોબર ૨૦૦૧ના રોજ શપથ ગ્રહણ કર્યા હતા. તેમણે ગુજરાતમાં સૌથી વધુ સમય સુધી એટલે કે ૧૨ વર્ષ અને ૨૨૭ દિવસનું શાસન ભોગવ્યું છે. મોદીએ સૌથી વધુ સમય સુધી મુખ્યમંત્રી રહેવાનો કોંગ્રેસના માધવસિંહ સોલંકીનો રેકોર્ડ તોડ્યો હતો. હાલના વડાપ્રધાન નરેન્દ્ર મોદી આજે એક નવી ઉંચાઈએ પહોંચ્યા છે. તેઓ હવે રાષ્ટ્રીય નહીં પરંતુ આંતરરાષ્ટ્રીય લિડર તરીકને લોકપ્રિયતા ધરાવે છે. કહેવાય છે કે કોઈપણ વ્યક્તિનો દસકો હોય છે પરંતુ નરેન્દ્ર મોદીનો હાલ બીજો દસકો ચાલી રહ્યો છે. રાજનીતિમાં તેઓ અત્યંત નસીબદાર એટલા માટે રહ્યાં છે કે વિરોધી વાતાવરણ વચ્ચે અણીના સમયે તેઓ શાસન પર ટકી શક્યાં છે. મોદી માટે કહેવાય છે કે દુશ્મનને દોસ્ત બનાવતાં તેમને સારી રીતે આવડે છે. નરેન્દ્ર મોદી માટે એવો પણ રેકોર્ડ છે કે તેઓ સૌથી વધુ ૧૨ વર્ષ સુધી મુખ્યમંત્રી પદ પર રહેનારા આઠમા નેતા છે. પ્રથમ નંબરે સિક્કીમના પૂર્વ વડાપ્રધાન પવન કુમાર ચામલિંગ આવે છે. તેઓએ ૨૪ વર્ષ ૧૬૫ દિવસ સુધી શાસન કર્યું છે. બીજાક્રમે પશ્ચિમ બંગાળના જ્યોતિ બસુ છે. તેમણે ૨૩ વર્ષ ૧૩૭ દિવસ સુધી શાસન કર્યું છે. તેમણે સ્વેચ્છાએ પદનો ત્યાગ કર્યો હતો. નરેન્દ્ર મોદી ગુજરાતમાં ચાર વખત મુખ્યમંત્રી બન્યાં હતા. કોંગ્રેસના માધવસિંહ સોલંકી છ વર્ષ સુધી ગુજરાતના મુખ્યમંત્રી રહ્યાં હતા. ગુજરાતમાં મોદીએ તેમનો રેકોર્ડ તોડ્યો હતો. વડાપ્રધાન બન્યાં પછી મોદીએ પ્રથમ વખત ૨૮મી મે ૨૦૧૪માં શપથ લીધા હતા અને બીજીવાર ૩૦મી મે ૨૦૧૯માં શપથ લીધા હતા.

**જવાહરલાલ નહેરૂનો ૧૬ વર્ષ ૨૮૬ દિવસનો રેકોર્ડ...**

ભારતમાં સૌથી વધુ શાસન કરવાનો રેકોર્ડ જવાહરલાલ નહેરૂના નામે અંકિત થયેલો છે જે બીજા કોઈ નેતા તોડી શકે તેમ નથી. ભારતના પ્રથમ વડાપ્રધાન એવા નહેરૂએ ૧૫મી ઓગષ્ટ ૧૯૪૭માં સત્તા સંભાળી હતી. તેમણે કેન્દ્રમાં ૧૬ વર્ષ ૨૮૬ દિવસ સુધી શાસન કર્યું છે. સૌથી ઓછું શાસન કરનારા વડાપ્રધાન ચૌધરી ચરણસિંહ છે કે જેમણે માત્ર ૧૭૦ દિવસનું શાસન ભોગવ્યું છે. (આમ તો ગુલઝારીલાલ નંદાનું નામ વડાપ્રધાનની યાદીમાં આવે છે પરંતુ તેઓ ૧૩-૧૩ દિવસ સુધી બે વખત એક્ટિંગ પ્રાઈમ મિનિસ્ટર રહી ચૂક્યાં હતા.) ભારતના બીજા વડાપ્રધાન લાલબહાદુર શાસ્ત્રીએ ૯મી જૂન ૧૯૬૪માં શાસનના સૂત્રો સંભાળ્યા હતા અને તેઓએ ૧ વર્ષ ૨૧૬ દિવસ




## ઇન્દિરા ગાંધીએ પણ ૧૫ વર્ષ કરતાં વધુ સુધી સત્તા ભોગવી છે, કોંગ્રેસનો શાસનકાળ ૫૪ વર્ષનો

સુધી શાસન કર્યું છે. જવાહરલાલ નહેરૂ પછી તેમના પુત્રી અને પ્રિયદર્શિની ઈન્દિરા ગાંધીએ ૨૪મી જૂન ૧૯૬૬માં પહેલીવાર પદ સંભાળ્યું હતું અને તેમણે બે તબક્કામાં કુલ ૧૫ વર્ષ ૧૧ મહિના અને ૧૭ દિવસ સુધી શાસન કર્યું હતું. બિન કોંગ્રેસી વડાપ્રધાન મોરારજી દેસાઈએ બે વર્ષ ૧૨૬ દિવસ સુધી શાસન કર્યું હતું. તેઓ ભારતમાં પહેલા બિન કોંગ્રેસી પ્રાઈમ મિનિસ્ટર હતા. તેમના પછી ચૌધરી ચરણસિંઘ ૧૭૦ દિવસ માટે વડાપ્રધાન બન્યાં હતા.

**રાજીવ ગાંધી પાંચ વર્ષ ૩૨ દિવસ સુધી રહ્યાં...**

૧૯૯૪માં કેન્દ્રમાં ફરી કોંગ્રેસની વાપસી આવી ત્યારે રાજીવ ગાંધી વડાપ્રધાન બન્યાં હતા અને તેમણે પાંચ વર્ષ ૩૨ દિવસનું શાસન કર્યું હતું. માતા ઈન્દિરા અને પુત્ર રાજીવ ગાંધીનું ગોળી વાગવાથી અને આતંકી હુમલામાં મૃત્યુ થયું હતું. રાજીવ ગાંધી પછી બિન કોંગ્રેસી વડાપ્રધાન તરીકે વિશ્વનાથ પ્રતાપસિંહ સત્તાનશીન થયાં હતા અને તેમણે ૩૪૩ દિવસ શાસન કર્યું હતું. તેમના પછી આવેલા ચંદ્રશેખરે પણ ૨૨૩ દિવસ સત્તા ભોગવી હતી. કોંગ્રેસની ફરી વાપસી ૧૯૯૧માં થઈ હતી અને પીવી નરસિંહરાવ વડાપ્રધાન બન્યાં હતા અને તેમણે ચાર વર્ષ ૩૩૦ દિવસ સુધી ગાદી ભોગવી હતી.

## ભારતના વડાપ્રધાન તરીકે સૌથી વધુ ૧૬ વર્ષનું શાસન જવાહરલાલ નહેરૂના નામે અંકિત છે

**વડાપ્રધાન તરીકે વાજપેયીનો છ વર્ષનો રેકોર્ડ છે...**

ભાજપની પ્રથમ સરકાર ૧૬મી મે ૧૯૯૬માં બની હતી અને એનડીએનું ગઠન થયું હતું જેમાં અટલ બિહારી વાજપેયી વડાપ્રધાન બન્યાં હતા, જો કે તેમણે માત્ર ૧૬ દિવસનું શાસન કર્યું હતું. તેમના પછી આવેલા એચડી દેવગૌડાએ ૩૨૪ દિવસ સુધી સત્તા ભોગવી હતી. જનતાદળમાં ખટપટના કારણે બીજા નેતા ઈન્દર કુમાર ગુજરાલ ભારતના વડાપ્રધાન બન્યાં હતા અને તેમણે ૩૩૨ દિવસનું શાસન કર્યું હતું, જો કે તેમના પછી ભાજપ અને અટલ બિહારી વાજપેયીની વાપસી થઈ હતી. આ સમયે વાજપેયીએ છ વર્ષ ૬૪ દિવસ સુધી શાસન કર્યું હતું. ફિલગુડ ફેક્ટરના કારણે ભાજપ ફેંકાઈ જતાં ફરીથી કોંગ્રેસની સરકાર કેન્દ્રમાં આવી હતી પરંતુ મનમોહનસિંહને પાર્ટીએ વડાપ્રધાન બનાવ્યા હતા. તેઓ બે ટર્મ સુધી વડાપ્રધાન રહ્યાં છે અને કુલ ૧૦ વર્ષ ચાર દિવસ સુધી શાસન કર્યું છે.

**મોદીના આવ્યા પછી તખ્ત અને તાજ બદલાયા...**

ભારતનું રાજકીય ચિત્ર તો ત્યારે બદલાયું, જ્યારે ભાજપે ગુજરાતના મુખ્યમંત્રી નરેન્દ્ર મોદીને વડાપ્રધાનના ઉમેદવાર તરીકે ઘોષિત કરવા આવ્યાં. મોદીએ ૨૦૧૪માં તખ્ત અને તાજ બદલી નાંખ્યા હતા. ૨૬મી મે ૨૦૧૪માં નરેન્દ્ર મોદી પ્રથમવાર ભાજપ અને એનડીએના વડાપ્રધાન બન્યાં હતા. એટલું જ નહીં ૨૦૧૯માં થયેલી લોકસભાની ચૂંટણીમાં ભાજપને વિક્રમી બહુમતિ અપાવીને તેઓ ફરીથી વડાપ્રધાન બન્યાં હતા અને આજે તેમના શાસનને સાડા છ વર્ષ પૂર્ણ થવા આવ્યાં છે. નરેન્દ્ર મોદી ભારતના ચોથા વડાપ્રધાન બન્યાં છે કે જેમણે સૌથી વધુ સમય સુધી શાસન સંભાળ્યું છે. મોદીએ દેશના ૧૦ વડાપ્રધાનનો રેકોર્ડ તોડ્યો છે. તાજેતરમાં તેમણે એનડીએના પ્રથમ વડાપ્રધાન અટલ બિહારી વાજપેયીનો રેકોર્ડ તોડ્યો છે. બિન કોંગ્રેસી સરકારમાં નરેન્દ્ર મોદીનો સૌથી વધુ શાસન કરવામાં પ્રથમ નંબર છે. ટર્મ પૂર્ણ થતાં મોદી તેમના નજીકના હરીફ એવા મનમોહનસિંહનો રેકોર્ડ તોડી શકવાની ક્ષમતા ધરાવે છે.

**કોંગ્રેસના છ પીએમ—૫૪ વર્ષ ૧૨૩ દિવસનું શાસન...**

રાજકીય ઈતિહાસ જોઈએ તો કોંગ્રેસે છ વડાપ્રધાન આપ્યાં છે અને તેમણે ૫૪ વર્ષ અને ૧૨૩ દિવસનું શાસન કર્યું છે. બીજાક્રમે ભાજપે બે વડાપ્રધાન આપ્યાં છે અને કુલ ૧૨ વર્ષ ૨૦૮ દિવસનું શાસન આપ્યું છે. જનતાદળે ત્રણ વડાપ્રધાન આપ્યાં છે અને આ પાર્ટીએ બે વર્ષ ૨૬૯ દિવસનું શાસન ભોગવ્યું છે. જનતા પાર્ટીના એક વડાપ્રધાને બે વર્ષ ૧૨૬ દિવસ, એસજેપી (આર)ના એક વડાપ્રધાને ૨૨૩ દિવસ અને જેપી (એસ)ના વડાપ્રધાને ૧૭૦ દિવસનું શાસન આપ્યું છે. આજે ભારતમા થઈ ચૂકેલા વડાપ્રધાન પૈકી એચડી દેવગૌડા અને મનમોહનસિંહ હયાત છે અને નરેન્દ્ર મોદી વડાપ્રધાન તરીકે કાર્યરત છે.